ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૯/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Department of Science & Technology Government of Gujarat

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ
અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.

Date : 28th October, 2020

પ્રતિ,
તંત્રી શ્રી,
.........................................................................,
ભાવનગર.

**'ડૉ. હોમી જહાંગીર ભાભાની ૧૧૧ જન્મ જયંતિ' ઉજવણી અંતર્ગત**
**કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર ભાવનગર દ્વારા KRCSC Bhavnagar ની YouTube ચેનલના માધ્યમથી**
**ડૉ. નીલમ ગોયલ તથા શ્રી હર્ષદ પુજારાનું વ્યાખ્યાન**
**લાઇવ વેબિનાર દ્વારા યોજાશે**

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા રાજ્યભરમાં લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતુ કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

૩૦ ઓકટોબર,૧૯૦૯ એ ભારતીય પરમાણું કાર્યક્રમના પિતા તરીકે જાણીતા ડો. હોમી જહાંગીર ભાભાનો જન્મ દિવસ. જેઓ અગ્રગણ્ય ભૌતિકશાસ્ત્રી હતા. તેઓએ ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ સાયન્સ, બેંગ્લોર ખાતે ડો.સી.વી.રામનની અધ્યક્ષતા હેઠળ કોસ્મિક-રે ઇન્સ્ટીટયુટની સ્થાપના કરી. ત્યારબાદ એટોમિક એનર્જી કમીશન ઓફ ઇન્ડિયાની સ્થાપના કરી. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અણુશક્તિ સભાઓમાં ભારતનું પ્રતિનિધિત્વ કરનાર ડૉ. હોમી ભાભા એટોમિક એનેર્જી એસ્ટાબ્લીશમેન્ટ ટ્રોમ્બેના ડીરેક્ટર હતા. બાદમાં તેમના માનમાં 'ભાભા એટોમિક રીસર્ચ સેન્ટર' નામ રાખવામાં આવ્યું. તેઓનું ભારતીય અણુવિજ્ઞાનમાં બહોળું યોગદાન રહેલ છે.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ડો. હોમી ભાભાની ૧૧૧મી જન્મજયંતી અંતર્ગત વર્ચુઅલ માધ્યમ થકી ૨૯ ઓકટોબર,૨૦૨૦નાં રોજ સાંજે ૮.૦૦ કલાકે પરમાણું સહેલી તરીકે જાણીતા ડૉ. નીલમ ગોયલ (ધી વુમન ઓફ ન્યુક્લિયર ઇન્ડિયા) "India's atomic Heritage, Glory and the current Challenges" વિષય પર અને ૩૦ ઓક્ટોબર,૨૦૨૦ના રોજ સાંજે ૮.૦૦ કલાકે "Basics of Plasma Physics and Fusion Engineering" વિષય પર શ્રી હર્ષદ પુજારા (સાઈન્ટીફિક આસિસ્ટન્ટ, ઇન્સ્ટીટયુટ ફોર પ્લાઝમા રીસર્ચ)ના તજજ્ઞ પદે યોજાશે. **KRCSC Bhavnagar ની YouTube** ચેનલ પર આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવનાર છે.

રસ ધરાવતા દરેક લોકોને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન શ્રી ડો. ભાવેશ ભરાડ દ્વારા આ વેબીનારમાં જોડવા હાર્દિક નિમંત્રણ આપવામાં આવે છે.

વધુ માહિતી માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ફોન : 8866570111 પર સંપર્ક કરી શકાશે.

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.